(23) No. of printed pages: 2

**SARDAR PATEL UNIVERSITY**
**MA (I Semester) Examination**
**Thursday, 6th December 2012**
**10.30 am to 1.30 pm**

**PA01EGUJ02 - Gujarati E-2 : Bhartiya Sahityani Prashista Krutio**
**ગુજરાતીઃ ભારતીય સાહિત્યની પ્રશિષ્ટ કૃતિઓ**

**કુલ ગુણઃ ૭૦**

પ્ર.૧ નીચે આપેલા પ્રશ્નોના જવાબ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તરવહીમાં લખો. દરેક પ્રશ્નનો એક ગુણાંક છે. (૧૦)

૧. નીચે દર્શાવેલી કૃતિઓમાંથી કઇ કૃતિ પ્રાદેશિક સાહિત્યની નથી ?
 ક. માનવીની ભવાઇ ખ. ગોદાન
 ગ. ધ ઓલ્ડ મેન એન્ડ ધ સી ઘ. બનગરવાડી

૨. ભારતીય સાહિત્યની ખાસ લાક્ષણિકતા કઇ છે ?
 ક. ગુજરાતના પ્રદેશનું તેમાં આલેખન હોય
 ખ. ભારતના પૂર્વ પ્રદેશોની સમસ્યાઓ એમાં આલેખન પામી હોય
 ગ. ભારતીય લોકોની ધાર્મિકતાનું આલેખન હોય
 ઘ. ભારતીય સમાજ અને તેની સમસ્યાઓ એમાં આલેખાઇ હોય

૩. ‘તપસ્વી અને તરંગિણી’ નાટકના સર્જક કોણ છે ?
 ક. તારાશંકર બંદોપાધ્યાય ખ. બુદ્ધદેવ બસુ
 ગ. રવીન્દ્રનાથ ટાગોર ઘ. ફણીશ્વરનાથ ‘રેણુ’

૪. આપેલી માહિતી સંદર્ભે કયું વિધાન સાચું છે તે જણાવો.
 વિધાન **અઃ** ‘તપસ્વી અને તરંગિણી’ બંગાળી ભાષાનું ઉત્તમ નાટક છે.
 વિધાન **બઃ** ‘તપસ્વી અને તરંગિણી’ ચાર અંકનું નાટક છે.
 ક. વિધાન **અ** સાચું છે. વિધાન **બ** સાચું છે.
 ખ. વિધાન **અ** સાચું છે. વિધાન **બ** ખોટું છે.
 ગ. વિધાન **અ** ખોટું છે. વિધાન **બ** સાચું છે.
 ઘ. વિધાન **અ** ખોટું છે. વિધાન **બ** ખોટું છે.

૫. **અ** ને **બ** જોડો

| અ | બ |
|---|---|
| ક. લોલાપાંગી | ૧. વિભાંડક |
| ખ. ઋષ્યશૃંગના પિતા | ૨. ઋષ્યશ્રૃંગ |
| ગ. લોલાપાંગીની પુત્રી | ૩. પુત્રીવત્સલ માતા |
| ઘ. તપસ્વી | ૪. તરંગિણી |

૬. આપેલી માહિતી સંદર્ભે કયું વિધાન સાચું છે તે જણાવો.
 વિધાન **અઃ** ‘સંસ્કાર’ કર્ણાટક રાજ્યના તીર્થહલ્લી તાલુકાના લેખકના વતન-પ્રદેશનો ભૌગોલિક ખંડ ઉદ્‌ઘાટિત કરે છે.
 વિધાન **બઃ** ‘સંસ્કાર’ બંગાળ રાજ્યના લેખકના શીવ-કાલીપુર પ્રદેશનો ભૌગોલિક ખંડ ઉદ્‌ઘાટિત કરે છે.
 ક. વિધાન **અ** સાચું છે. વિધાન **બ** સાચું છે.
 ખ. વિધાન **અ** સાચું છે. વિધાન **બ** ખોટું છે.
 ગ. વિધાન **અ** ખોટું છે. વિધાન **બ** સાચું છે.
 ઘ. વિધાન **અ** ખોટું છે. વિધાન **બ** ખોટું છે.

૭. **અ** ને **બ** જોડો

| **અ** | | **બ** | |
|---|---|---|---|
| ક. | દુર્વાસાપુર | ૧. | પ્રાણેશાચાર્ય |
| ખ. | ભાગીરથીને અનુકંપાવશ જીવનસંગિની તરીકે સ્વીકારનાર | ૨. | પારિજાતપુરનો વેપારી |
| ગ. | નારણપ્પા | ૩. | તુંગભદ્રા નદીને કિનારે વસેલું ગામ |
| ઘ. | મનંજજયા | ૪. | ચંદ્રીને રખાત તરીકે રાખનાર |

૮. પ્રાણેશાચાયની કર્મભૂમિ કઇ છે ?

ક. પારિજાતપુર　　ખ. શિવમોગ્ગા

ગ. દુર્વાસાપુર　　ઘ. કુંદાપુર

૯. દુર્વાસાપુર બ્રાહ્મણવાસમાં સોનાની થાળીમાં લોઢાની મેખ જેવું કોણ છે ?

ક. ભારગીરથી　　ખ. લક્ષ્મણાચાર્ય

ગ. અહમદ　　ઘ. નારણપ્પા

૧૦. ‘વેશ્યાઓએ તો આવા પવિત્ર પુરુષોનો સમાગમ કરવો જોઇએ’. આ કોની ઉક્તિ છે ?

ક. ભારગીરથીના પતિ　　ખ. ચંદ્રીની મા

ગ. પારિજાતપુરના બ્રાહ્મણો　　ઘ. અહમદ બારી

પ્ર.૨ તપસ્વી અને તરંગિણી નાટકના કથાવસ્તુનો વિગતે પરિચય કરાવો. (૧૫)

**અથવા**

‘કામ અને પ્રેમ અન્યોન્ય વિરોધી નથી’ - તપસ્વી અને તરંગિણીને ધ્યાનમાં લઇ આ વિધાનની ચર્ચા કરો.

પ્ર.૩ યુ.આર. અનંતમુર્થીની ‘સંસ્કાર’ નવલકથાની ચરિત્રસૃષ્ટિનો પરિચય કરાવો. (૧૫)

**અથવા**

માનવીની ભીતરી સંવેદનો અને મનોસંઘર્ષોનું આલેખન કન્નડ ભાષાની સંસ્કાર નવલકથામાં કેવું થયું છે એની ઉદાહરણ સહિત ચર્ચા કરો.

પ્ર.૪ ‘અ’ અને ‘બ’ બન્ને વિભાગમાંથી **એક એક** વિષય પર ટૂંકનોંધ લખો. (૧૫)

અ. **ગમે તે એક** વિષય પર ટૂંકનોંધ લખો.

ક. સંસ્કાર નવલકથામાં આલેખાયેલો સમાજ

ખ. સંસ્કાર નવલકથાનો અંત

બ. **ગમે તે એક** વિષય પર ટૂંકનોંધ લખો.

ક. તપસ્વી અને તરંગિણી નાટકનો આરંભ અને અંત

ખ. તરંગિણી-ઋષ્યશૃંગનો સંઘર્ષ

પ્ર.૫ **ગમે તે બે** વિષય પર ટૂંકનોંધ લખો. (૧૫)

ક. પ્રશિષ્ટ કૃતિની વિભાવના

ખ. પ્રાદેશિક સાહિત્ય

ગ. ભારતીય સાહિત્ય

ઘ. અભ્યાસેતર કોઇ એક પ્રશિષ્ટ સાહિત્ય કૃતિનો પરિચય

@ @ @